આજની પ્રાર્થના....
ધાર્યું તે થવાનું તો
શું વ્યર્થ આ પછાડ,
તારે શરણે થાઉં ન-
ચિંત, એવો દિ'
દેખાડ...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૨૫ | ૧૫ જુલાઈ, ૨૦૨૧, ગુરૂવાર; અષાઢ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# કેન્દ્રીય કર્મીઓના મોંઘવારી ભથ્થામાં ૧૭%નો વધારો

## વડાપ્રધાનની અધ્યક્ષપદે યોજાયેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં નિર્ણય : ડીએ અને ડીઆર પર લાગેલી રોક હટાવવાનો નિર્ણય, ૬૦ લાખ પેન્શનર્સ અને ૫૨ લાખ કેન્દ્રીય કર્મીને ફાયદો : સરકાર પર ૩૪૪૦૧ કરોડનો બોજો

નવી દિલ્હી, તા.૧૪

લાંબા સયમથી મોંઘવારી ભથ્થાની રાહ જોઈ રહેલાં કેન્દ્રીય કર્મચારીઓ માટે સારા સમાચાર છે. સરકારે ડીએ અને ડીઆર પર લાગેલી રોક હટાવવાનો નિર્ણય લીધો છે. જેમાં ૧૧ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જેનાથી ૬૦ લાખ પેન્શનર્સ અને ૫૨ લાખ કેન્દ્રીય કર્મચારીઓને ફાયદો થશે. પીએમ મોદીની આગેવાનીમાં બુધવારે મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. કોવિડ-૧૯ મહામારીના કારણે સરકારે કેન્દ્રીય કર્મચારીઓના ડીએ અને




પેન્શનર્સના મોંઘવારી ભથ્થા પર રોક લગાવી હતી. હવે ૧ જુલાઈથી આ લાગુ થશે. સૂચના અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે એક પ્રેસ કોન્ફરન્સ યોજીને આ જાણકારી આપી છે. તેઓએ કહ્યું કે, ડીએ ૧૭ ટકા વધારીને ૨૮ ટકા કરવાનો નિર્ણય લેવાયો છે. આનાથી સરકારી તિજોરી પર વર્ષે ૩૪,૪૦૧ કરોડ રૂપિયો ભાર વધશે. કરોનાના કારણે કેન્દ્ર સરકારે કર્મચારીઓ અને પેન્શનર્સધારકોને ૧ જાન્યુઆરી ૨૦૨૦, ૧ જુલાઈ ૨૦૨૦ અને ૧ જાન્યુઆરી ૨૦૨૧એ આપેલુ મોંઘવારી ભથ્થુ મોંઘવારી રાહતના ત્રણ હપ્તા પર રોક લગાવી હતી. ત્રણેય હપ્તા મળને કુલ ડીએ વધારીને ૨૮ ટકા થઈ જશે. આનાથી ૫૦ લાખથી પણ વધારે કર્મચારીઓ અને ૬૦ લાખ પેન્શનર્સને ફાયદો થશે.

કેન્દ્રીય કર્મચારીઓને હાલ ૧૭ ટકા ડીએ મળે છે. પરંતુ, પાછલા ત્રણ હપ્તાને જોડીને હવે ૨૮ ટકા થઈ જશે. જાન્યુઆરી ૨૦૨૦માં ડીએ ૪ ટકા વધ્યુ હતું, પછી જૂન ૨૦૨૦માં ૩ ટકા વધ્યું અને જાન્યુઆરી ૨૦૨૧માં ૪ ટકા વધ્યું છે. હવે આ ત્રણેય હપ્તાની ચુકવણી કરવામાં આવશે. ગયા વર્ષે કેન્દ્રીય મંત્રી કેબિનેટે સરકારી કર્મચારીઓ માટે ડીએમાં વધારો કરવાનું એલાન કર્યું હતું, પરંતુ કોવિડ-૧૯ના કારણે તેના પર રોક લગાવવામાં આવી હતી.

# દેશમાં કોરોનાના વધુ ૩૮૭૯૨ કેસ : ૬૨૪ દર્દીઓએ જીવ ગુમાવ્યો

## એક દિવસમાં ૩૭૧૪૪૪૧ને રસી આપવામાં આવી

નવી દિલ્હી,તા.૧૪

દેશમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ભલે ઝડપથી ઘટી રહી હોય પરંતુ દક્ષિણ ભારતમાં કોરોનાના વધતા ગ્રાફે ચિંતા વધારી છે. દેશના અનેક રાજ્યોમાં કોરોનાના નવા વેરિયન્ટ મળવાથી કોરોનાની ત્રીજી લહેરનો ખતરો વધી ગયો છે. માત્ર કેરળમાં જ એક દિવસમાં ૧૪,૫૩૯ લોકો સંક્રમિત થતા ચિંતામાં વધારો થયો છે. બુધવારે, સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૮,૭૯૨ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૬૨૪ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૦૯,૪૬,૦૭૪ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૩૯,૭૬,૯૭,૯૩૫ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. એક દિવસમાં ૩૭,૧૪,૪૪૧ લોકોને રસી આપવામાં આવી છે. કોવિડ-૧૯ મહામારી સામે લડીને ૩ કરોડ ૧ લાખ ૪ હજાર ૭૨૦ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૪૧,૦૦૦ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૪,૨૯,૯૪૬એક્ટિવ કેસ છે.

# કોરોના વકરતા કેરળમાં શનિ-રવિ લોકડાઉન

**કોરોના અટકવાનું નામ જ લેતો નથી : આ બે દિવસો દરમિયાન બેંકો અને નાણાંકીય સંસ્થાઓને પણ કામકાજ બંધ રાખવા માટેનો કડક આદેશ અપાયો**

તિરુવનંતપુરમ, તા.૧૪

કોરોના અટકવાનું નામ ના લઈ રહ્યો હોવાની ચિંતાઓ વચ્ચે કેરળે બે દિવસના સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી છે. ગુજરાત સહિતના રાજ્યો સહિત આખા દેશમાં કોરોનાની બીજી લહેર જાણે સમાપ્ત થઈ રહી છે, પરંતુ કેરળમાં સ્થિતિ હજુય ગંભીર છે. કેરળ સરકારે બહાર પાડેલા આદેશ અનુસાર, રાજ્યમાં ૧૭-૧૮ જુલાઈ એટલે કે શનિ-રવિના રોજ સંપૂર્ણ લોકડાઉન રહેશે.

અગાઉના લોકડાઉન માટે જે પ્રમાણે ગાઈડલાઈન ઈશ્યૂ કરવામાં આવી હતી તે જ ગાઈડલાઈન આ લોકડાઉન માટે પણ અમલી રહેશે. આ બે દિવસો દરમિયાન બેંકો અને નાણાંકીય સંસ્થાઓને પણ કામકાજ બંધ રાખવાનો આદેશ અપાયો છે. બે દિવસના લોકડાઉન દરમિયાન જોકે જીવનજરુરી ચીજવસ્તુઓની દુકાનો સાંજે ૮ વાગ્યા સુધી ખૂલ્લી રહેશે. મંગળવારે કેરળમાં કોરોનાના ૧૪,૫૩૯ નવા કેસ નોંધાયા હતા અને રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૨૪ લોકોના મોત થયા હતા. રાજ્યમાં અત્યારસુધી કોરોનાના ૩૦.૮ લાખ કેસ નોંધાયા છે, જેમાંથી ૨૯.૫૭ લાખ લોકો સાજા થઈ ગયા છે, જ્યારે ૧૪,૮૧૯ લોકોના મોત થયા છે.

કેરળ સિવાય મહારાષ્ટ્રમાં પણ કોરોનાના કેસોમાં ખાસ ઘટાડો નથી થયો. રાજ્યમાં હાલની તારીખે પણ રોજના સાત હજારથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. મંગળવારે પણ રાજ્યમાં ૭,૨૪૩ કેસો નોંધાયા હતા. ઉલ્લેખનીય છે કે, કોરોનાના કેસોમાં ઘટાડો થતાં મોટાભાગના રાજ્યોમાં હોસ્પિટલો ખાલી થઈ ગઈ છે અને જનજીવન પણ સામાન્ય બની રહ્યું છે. જોકે, કેરળમાં ઉલ્ટો પ્રવાહ જોવા મળી રહ્યો છે. દેશમાં સૌ પ્રથમ કોરોનાની દર્દી કેરળની જ હતી, જેને પણ ફરી ચેપ લાગ્યો હોવાના ગઈકાલે અહેવાલ આવ્યા હતા.

કોરોનાના કેસોમાં ઘટાડો થતાં લોકો માસ્ક પહેરવાનું ભૂલી રહ્યા છે, અને જ્યાં-ત્યાં ભીડ કરી રહ્યા છે. જેના પર એક્સપર્ટ્સ પણ ચિંતા વ્યક્ત કરી ચૂક્યા છે. ગઈકાલે પીએમ મોદીએ પણ લોકોને ગાઈડલાઈન્સનું પાલન કરવા માટે ટકોર કરી હતી. સરકાર દ્વારા એમ પણ કહેવામાં આવ્યું હતું કે ત્રીજી લહેરની ચેતવણીને લોકો જાણે ચોમાસાની આગાહી માફક સાવ હળવાશથી લઈ રહ્યા છે.

# મોદી સામે વિપક્ષ પાસે કોઈ ચહેરો નથી : સંજય રાઉત


## શિવસેનાના પ્રવક્તાએ ફરી પીએમના ભરપૂર વખાણ કરતા રાજકીય સમીકરણો બદલાઈ રહ્યા હોવાની ચર્ચા

મુંબઈ, તા.૧૪

મહારાષ્ટ્રના રાજકારણમાં છાશવારે નવા નવા રંગ જોવા મળી રહ્યા છે. શિવસેનાના પ્રવક્તા સંજય રાઉતે ફરી એક વખત આજે પીએમ મોદીના ભરપૂર વખાણ કર્યા છે.જેના પગલે ફરી એક વખત રાજકીય સમીકરણો બદલાઈ રહ્યા હોવાની ચર્ચાએ વેગ પકડયો છે.

રાઉતે કહ્યુ હતુ કે, પીએ મોદી સામે વિપક્ષ પાસે કોઈ ચહેરો નથી.મારુ માનવુ છે કે, નરેન્દ્ર મોદી દેશ અને ભાજપના ટોચના નેતા છે અને આ વાતને કોઈ નકારી શકે તેમ નથી.છેલ્લા સાત વર્ષમાં ભાજપને જે પણ સફળતા મળી છે તે માત્ર નરેન્દ્ર મોદીના કારણે છે.

શિવસેના પ્રવક્તાએ કહ્યુ હતુ કે, જ્યાં સુધી વિપક્ષ પાસે પીએ મોદીનો સામનો કરવા માટે કોઈ



યોગ્ય ચહેરો નહીં હોય ત્યાં સુધઈ કોઈ વિપક્ષ માટે કોઈ ચાન્સ નથી.જોકે સાથે સાથે તેમણે એમ પણ કહ્યુ હતુ કે ,પીએમ મોદીનો મુકાબલો કરવા માટે એનસીપી પ્રમુખ શરદ પવાર સૌથી શ્રેષ્ઠ ઉમેદવાર છે. તેમણે આગળ કહ્યુ હતુ કે, ૨૦૨૪માં કોઈ મોટા ચહેરા વગર પીએમ મોદીને હરાવવા મુશ્કેલ હશે.મોદી સામે શરદ પવાર જ વિકલ્પ છે.રાહુલ ગાંધી મોટા કોંગ્રેસી નેતા છે પણ તેમનાથી મોટા નેતાઓ હજી ઉપલબ્ધ છે. ઉલ્લેખનીય છે કે, પ્રશાંત કિશોર ૨૦૨૪ની ચૂંટણી માટે ભાજપ સામે તમામ વિપક્ષને એક મંચ પર લાવવા માંગે છે ત્યારે જ સંજય રાઉતનુ નિવેદન આવ્યુ છે. દરમિયાન મહારાષ્ટ્રમાં કોંગ્રેસ ૨૦૨૪માં એકલા હાથે વિધાનસભા ચૂંટણી લડવાની જાહેરાત કરી ચુકી છે.આજે ફરી એક વખત મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ નાના સાહેબ પટોળેએ આ વાતનુ એલાન કર્યુ હતુ.

# પ્રશાંત કિશોર કોંગ્રેસ પાર્ટીમાં જોડાય તેવા સ્પષ્ટ અણસાર

## ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસની રણનીતિ તૈયાર કરવામાં પ્રશાંતની ભૂમિકા મહત્વની રહેવાની શક્યતા

નવી દિલ્હી, તા.૧૪

રાજકીય પાર્ટીઓ માટે ચૂંટણીની રણનીતિ તૈયાર કરીને ચર્ચામાં આવેલા પ્રશાંત કિશોર કોંગ્રેસમાં સામેલ થઈ શકે છે. મીડિયા રિપોર્ટોમાં આ બાબત પર ઈશારો કરવામાં આવી રહ્યો છે. એક રિપોર્ટમાં કહેવામાં



આવ્યુ છે કે, આ મુદ્દે પ્રશાંત કિશોર કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી તેમજ પ્રિયંકા ગાંધી સાથે ચર્ચા કરી ચુકયા છે.

એક ન્યૂઝ ચેનલના અહેવાલ પ્રમાણે રાહુલ ગાંધીના ઘરે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા વાડ્રાની મંગળવારે પ્રશાંત કિશોર સાથે બેઠક યોજાઈ હતી.જેમાં આ બેઠક પંજાબ કે યુપી ચૂંટણીની રણનીતિ માટે નહીં પણ અન્ય કોઈ બાબત માટે હતી અને હવે એવા સંકેત મળી રહ્યા છે કે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસની રણનીતિ તૈયાર કરવામાં પ્રશાંત કિશોરની ભૂમિકા મહત્વની રહેશે.

ગાંધી પરિવાર અને પ્રશાંત કિશોર વચ્ચે લગભગ દોઢ કલાક સુધી બેઠક ચાલી હતી.આ અંગે કોંગ્રેસ તરફથી સત્તાવાર રીતે કોઈ નિવેદન આપવામાં આવ્યુ નથી પણ આ મુલાકાતનુ મહત્વ એટલા માટે પણ છે કે, તાજેતરમાં પ્રશાંત કિશોર સાથે શરદ પવારે મુલાકાત કરી હતી અને એ પછી હવે ગાંધી પરિવારે તેમની સાથે બેઠક યોજી છે.

# કમલનાથને કોંગ્રેસ કાર્યકરી અધ્યક્ષ બનાવાય તેવા સંકેત

## સંસદીય રણનીતિક સમૂહની બેઠકમાં વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીને સ્થાયી અધ્યક્ષ બનાવવામાં આવી શકે છે

નવી દિલ્હી, તા.૧૪

વર્ષ ૨૦૨૪માં થનારી લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ પાર્ટીમાં મોટા ફેરફારની તૈયારી ચાલી રહી છે. કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીએ પાર્ટીના સંસદીય રણનીતિક સમૂહની એક બેઠક બોલાવી છે. જેમાં અનેક મહત્વના નિર્ણયો લેવાઈ શકે છે.

સૂત્રોનું માનીએ તો મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને દિગ્ગજ નેતા કમલનાથને મોટી જવાબદારી સોંપાઈ શકે છે અને તેમને કોંગ્રેસ પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ બનાવવામાં આવી શકે છે. અત્રે જણાવવાનું કે કમલનાથ ગાંધી પરિવારના નીકટના નેતાઓમાં સામેલ છે અને અનેક વખતે તેઓ સંકટમોચક પણ સાબિત થયા છે.

કોંગ્રેસના સંસદીય રણનીતિક સમૂહની બેઠકમાં પાર્ટીના વચગાળાના અધ્યક્ષ



સોનિયા ગાંધીને સ્થાયી અધ્યક્ષ બનાવવામાં આવી શકે છે. અત્રે જણાવવાનું કે વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં હાર બાદ રાહુલ ગાંધીએ પાર્ટી અધ્યક્ષ પદ છોડ્યું હતું અને ત્યારબાદ સોનિયા ગાંધી પાર્ટીના વચગાળાના અધ્યક્ષ બન્યા હતા પરંતુ હજુ સુધી કોંગ્રેસ કાયમી અધ્યક્ષની પસંદગી કરી શકી નથી. સૂત્રોના જણાવ્યાં મુજબ કોંગ્રેસ ૧૯ જુલાઈથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્ર પહેલા અધીર રંજન ચૌધરીની જગ્યાએ રાહુલ ગાંધીને લોકસભામાં પાર્ટીના નેતા બનાવી શકે છે. જો કે હજુ તેના પર નિર્ણય સંસદીય રણનીતિક સમૂહની બેઠકમાં કરાશે અને રાહુલ ગાંધી લોકસભામાં પાર્ટીનું નેતૃત્વ સંભાળવા માટે તૈયાર છે કે નહીં તેના પર તે નિર્ભર રહેશે. અત્રે જણાવવાનું કે આ અગાઉ ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે મંગળવારે દિલ્હીમાં કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીની મુલાકાત કરી હતી.

# કાવડ યાત્રાને મંજૂરી અપાતાં કેન્દ્ર-યુપી સરકારને સુપ્રીમની નોટિસ

## સુપ્રીમ કોર્ટે પીએમએ આપેલી ચેતવણીનો ઉલ્લેખ કરીને કહ્યું છે કે, મોદીનું માનવું છે કે, સ્થિતિમાં ઢીલ ન મુકાય

લખનૌ, તા.૧૪

ઉત્તર ભારતમાં શ્રાવણ મહિનામાં યોજાતી કાવડ યાત્રાનુ આગવુ મહત્વ છે.આ વર્ષે કોરોનાની વચ્ચે યુપી સરકારે કાવડ યાત્રાને મંજૂરી આપ્યા બાદ સુપ્રીમ કોર્ટે હવે કેન્દ્ર સરકાર અને યુપી સરકારને નોટિસ મોકલી છે.

શુક્રવારે આ મામલાની સુનાવણી થશે.દરમિયાન સુપ્રીમ કોર્ટે પીએમ નરેન્દ્ર મોદીએ આપેલી ચેતવણીનો પણ ઉલ્લેખ કરીને કહ્યુ છે કે, ખુદ વડાપ્રધાનનુ પણ માનવુ છે કે, પરિસ્થિતિમાં ઢીલ મુકાય તેમ નથી.

સુપ્રીમ કોર્ટે બુધવારે સવારે જાતે જ આ મામલામાં યુપી સરકારને નોટીસ આપી હતી અને કહ્યુ હતુ કે, ૨૫ જુલાઈથી ૬ ઓગસ્ટ સુધી કાવડ યાત્રા યોજાવાની છે અને જ્યારે પીએમ પોતે કહી રહ્યા છે કે, કોરોનાની ત્રીજી લહેરને આપણે રોકવી પડશે અને જરા પણ બેદરકારી પાલવે તેવી નથી. સુપ્રીમ કોર્ટ આ સંદર્ભમાં યુપી સરકારને શુક્રવારે જવાબ આપવ માટે કહ્યુ છે.

દરમિયાન ઉત્તરાખંડ સરકારે કાવડયાત્રા રદ કરવાની જાહેરાત કરી દીધઈ છે.સીએમ પુષ્કરસિંહ ધામીએ કહ્યુ હતુ કે, રાજ્યમાં કોરોનાનો નવો વેરિએન્ટ સામે આવ્યો છે ત્યારે લોકોની જીંદગી સાથે રમત કરવી યોગ્ય નથી.સરકાર કોઈ ચાન્સ લેવા માંગતી નથી. જોકે યુપીમાં કોરોના પ્રોટોકોલ સાથે કાવડયાત્રાના આયોજનની તૈયારીઓ શરુ થઈ ગઈ છે.

# સુરક્ષા દળો-આતંકીઓ વચ્ચેના એન્કાઉન્ટરમાં ત્રણ આતંકી ઠાર

## અથડામણમાં લશ્કર એ તૈયબાનો કમાન્ડર અબુ હુરૈરા ઠાર

શ્રીનગર,તા.૧૪

જમ્મુ અને કાશ્મીરના પુલવામા સેક્ટરમાં બુધવારની સવારે ભારતીય સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું. મળતી માહિતી મુજબ, આ એન્કાઉન્ટરમાં ત્રણ આતંકવાદી ઠાર મરાયા છે જ્યારે અન્ય આતંકવાદીઓની તલાશ માટે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. કાશ્મીરના આઈજીપીએ જણાવ્યું કે, એન્કાઉન્ટરમાં કમાન્ડર એઝાઝ ઉર્ફે અબુ હુરૈરા ઉપરાંત બે સ્થાનિક આતંકવાદી ઠાર મરાયા છે. મળતી જાણકારી મુજબ, ભારતીય સુરક્ષાદળોને ઈન્ટેલિજન્સ જાણકારી મળી હતી કે, પુલવામા સેક્ટરમાં કેટલાક આતંકવાદી છુપાયેલા છે. તેના આધાર પર સુરક્ષા દળોએ સ્થાનિક પોલીસની સાથે મળી વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું. પોતાને ઘેરાતા જોઈને આતંકવાદીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું અને વિસ્તારમાં જ ક્યાંક છુપાઈ ગયા. બીજી તરફ, ઉત્તર પ્રદેશ પોલીસ એટીએસને મોટી સફળતા હાથ લાગી છે.


**જોઈએ છે**

(SCADA) Control Room ઓપરેટ કરી શકે તેવા બે વર્ષના અનુભવી, સેફટી અને ટેકનીકલ કમ્પોનન્ટ્સવાળા
(B.E.) Mechanical Diploma Electronics
મો. ૯૬૩૮૨૬૯૬૬૪
મો. ૯૧૫૭૨૧૨૫૫૮
મો. ૯૯૭૪૭૧૭૯૯૫


**ટેલિફોનીક બેસણું**



દિલગીરી સાથે જણાવવાનું કે, સ્વ.રમણલાલ હીરાલાલ મકવાણા (રહીમ) ના પત્ની
ગં.સ્વ. હીરાબેન રમણલાલ મકવાણા
તારીખ ૧૧-૦૭-૨૦૨૧ ને રવિવારના રોજ દેવલોક પામેલ છે. પ્રભુ ને ગમ્યું તે ખરૂ.
સદ્ગતનું ટેલિફોનીક બેસણું તા.૧૫-૦૭-૨૦૨૧ ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે રાખેલ છે.

લિ.
રાજકુમાર (મો.૯૪૦૮૭ ૯૩૯૫૭) (ઈન્કમટેક્ષ)
કાશ્મીરા (મો.૯૦૯૯૦ ૩૦૪૨૨)
કુંપલ (સુજાતા)(મો.૯૮૭૯૧ ૫૨૧૫૩)
સ્વ.મયુર દવે
ધર્મેશ (મો.૮૪૬૯૬ ૭૬૪૦૬)
કીર્તિ (મો.૯૬૦૧૨ ૮૪૫૧૭)
કર્ણવ, કુશલ, વેદાંગ (પૌત્ર)
પ્રિયલ, વિરજા, દ્વિવા (પૌત્રી)
Google meet Link થી પણ જોડાઈ શકાશે. https://meet.google.com/avg-exci-ein


॥ જય શ્રી સ્વામિનારાયણ નમ : ॥
ગાંધીનગરની સ્વાદપ્રિય જનતાના હૃદયમાં 34 વર્ષથી વિશ્વનીય સ્થાન ધરાવતી
35 માં વર્ષમાં મંગલ પ્રવેશ
**હોટલ ગોકુલ**
A.C. ડાઈનીંગ હોલ એન્ડ ગેસ્ટ હાઉસ
**ગુજરાતી થાળી**
સ્પે.મેનુ સાથે સ્વિટ ફ્રી
VEG
માસિક જમવાની વ્યવસ્થા
ટીફીન સેવા ઉપલબ્ધ
A.C. તથા નોન A.C. રૂમ
પાર્ટી ઓર્ડર સ્વીકારવામાં આવશે.
COVID-19 સામે પ્રિકોસન તેમજ સેફ્ટી સાથે પ્રવેશ
● પ્રવેશ સમયે સેનેટાઈઝ ● દરેક ગ્રાહકનું થર્મલ સ્કીનીંગ
● હોટલ સ્ટાફ ફરજિયાત માસ્ક અને હાથ મોજા સાથે
● હોટલ સમય બાદ સમગ્ર હોટેલ સેનેટાઈઝ
પ્લોટ નં. ૪૩૭, એકસીસ બેન્કની બાજુમાં, ઘ-૫ પાસે, સેકટર-૧૬, ગાંધીનગર. મો.૯૯૨૯૭ ૨૨૨૨૬, મો. ૯૯૨૪૯ ૪૮૬૨૮
goibibo yatra.com makemytrip cleartrip Stayzilla travelguru Paytm Justdial facebook